| | |
|---|---|
| વર્ષ :- ૨૦૧૮-૧૯ | ૦૧/૦૧/૨૦૧૬ પછી નિવૃત્ત થયેલ બીન શૈક્ષણિક કર્મચારીઓને સાતમાં પગાર પંચ પ્રમાણે પેન્શન રીવાઇઝ કરવા બાબત.......... |

**હિસાબ નિયામકશ્રીની કચેરી**

**આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ**

જા.નં.આકૃયુ/હિનિ/પેન્શન/ ૭૭૯-૮૨ /૨૦૧૮

તા.૧૧/૦૫/૨૦૧૮

**વંચાણે લીધા:-**

૧. ગુજરાત સરકાર, નાણાં વિભાગના સરકારી ઠરાવ ક્રમાંક પગર/૧૦૨૦૧૬/૧/પગાર એકમ/ સચિવાલય ગાંધીનગર તા.૧૬/૦૮/૨૦૧૬.

૨. ગુજરાત સરકાર, નાણાં વિભાગના સરકારી ઠરાવ ક્રમાંક PGR/102016/7-PAY CELL, SACHIVALAYA, GANDHINAGAR તા.૧૫/૧૦/૨૦૧૬.

૩. ગુજરાત સરકાર, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠારાવ ક્રમાક:અકવ-૧૪૨૦૧૬-૨૦૧૭-ક-૨ તા૧૨/૧૦/૨૦૧૭.

૪. ગુજરાત સરકાર, નાણાં વિભાગના સરકારી પરિપત્ર ક્રમાંક પગર/૧૦૨૦૭-૯-પગાર એકમ સચિવાલય ગાંધીનગર તા.૨૩/૦૩/૨૦૧૭.

૫. નિરિક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગરના પત્ર જા.નં.એલ/એચ/ક્યુ/ યુનિવર્સિટી ઓડીટ/૨૫૭ તા૧૦/૦૨/૨૦૧૬.

**-: પરિપત્ર :-**

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ-યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ ક્રમ (૧) અને (૨)થી સાતમાં પગારપંચ મુજબ પેન્શનરોને પેન્શન ચુકવણાં અંગનો ઠરાવ થયેલ છે. જ્યારે આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના બિન-શૈક્ષણિક સંવર્ગના પેન્શનરો માટે સાતમા પગારપંચનો અમલ વંચાણે લીધેલ-૩ પરના ઠરાવથી થયેલ છે. તથા ઠરાવ ક્રમાંક (૪)માં નક્કી થયા મુજબ બિન-શૈક્ષણિક સંવર્ગના પેન્શનરો માટે સાતમું પગાર પંચ મંજુર થયેલ છે તે પગારનું પગાર-ચકાસણી એકમ, ગાંધીનગર પાસેથી સ્ટીકર મેળવવાનું રહેશે, સ્ટીકર મળ્યા બાદ પત્ર ક્રમાંક (૫)થી સાતમાં પગારપંચ મુજબ પેન્શન ચુકવણાં માટે જિલ્લા સહાયક નિરીક્ષક, સ્થાનિક ભંડોળ દ્વારા સબંધિત કૃષિ યુનિવર્સિટીએ નિયમો મુજબ ચુકવવાપાત્ર નિવૃતીના લાભોની સકાચણી કરાવવાની રહેતી હોય છે, જે ધ્યાને લઇ તા.૦૧/૦૧/૨૦૧૬ થી અત્યાર સુધી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના બિન-શૈક્ષણિક સંવર્ગના કર્મચારીશ્રીઓ નિવૃત થયેલ છે તેમના સાતમાં પગાર પંચ મુજબના પેન્શનના લાભોની ચકાસણી માટે સ્થાનિક ભંડોળ, જિલ્લા સહાયક નિરીક્ષક દ્વારા અત્રેની કચેરીએ કેમ્પનું આયોજન કવામાં આવેલ છે. જેથી આણંદ કૃષિ યુનિવર્સિટીમાંથી તા.૦૧/૦૧/૨૦૧૬ થી અત્યાર સુધી જે બિન-શૈક્ષણિક કર્મચારીશ્રીઓના સ્ટીકર આવી ગયેલ છે તેમની સેવાપોથી અને પેન્શના પેપર્સ તા. ૨૨/૦૫/૨૦૧૮ સુધીમાં હિસાબ નિયામકશ્રીની કચેરીને મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

૧. સાતમાં પગાર પંચ મુજબ મજુર કર્યાની નોંધ (આઇ.એફ.એમ.એસ. ઓર્ડર અને એનેક્ષરની નોંધ) સેવાપોથીમાં કરવી અને તેની નકલ સેવાપોથી સાથે રાખવી.

૨. સાતમાં પગાર પંચ મુજબ પગાર ચકાસણી એકમ, ગાંધીનગરનું સ્ટીકર સેવાપોથી લગાવેલ હોવું જોઇએ.

૩. સેવાપોથી સાથે દરખાસ્ત ફોર્મના શરૂઆતના ૦૪ પેજ નં.(૧) થી (૪)ની બે નકલ સામેલ રાખવાની રહેશે, જેમાં સાતમાં પગાર પંચ મુજબનો દસ માસનો એવરેજ (કાલ્પનીક) પગાર દર્શાવવાનો રહેશે.

૪. કર્મચારીને સાતમાં પગાર પંચ મુજબ મળવાપાત્ર દસ માસનો પગાર અંગેનું પ્રમાણપત્ર (એલ.પી.સી.ના નમુનામાં તૈયાર કરવું) સાથે સામલે રાખવાનું રહેશે.

૫. એકરારનામામાં સંબધિત કર્મચારીની સહી / બાહેધરી મેળવી દરખાસ્ત સાથે બે નકલમાં રજુ કરવાનું રહેશે.

(આર.એચ. ગોંડલીયા)

**હિસાબ નિયામક**

**નકલ રવાના જાણ અને કાર્યવાહી સારૂ :-**

(૧) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

(૨) તમામ ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

(૩) ઓડીટ ઓફીસર, પે એંડ પેન્શન સેલ, હિસાબ નિયામકશ્રીની કચેરી, આકૃયુ, આણંદ.

**નકલ સવિનય રવાના:-**

(૧) કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.